# <u>ચણા પાકમાં ફિલ્ડ ડે ની ઉજવણી</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તા : ૨૭/૦૨/૨૦૨૦ ના રોજ નેશનલ ફૂડ સિકયોરીટી મિશન યોજના અંતર્ગત ચણા (ગુજરાત જૂનાગઢ ચણા-૩) પાકમાં કલસ્ટર પ્રથમ હરોળ નિદર્શન ઘટકમાં "ફિલ્ડ ડે"ની ઉજવણી "મોટીહાંડી" (તા. ઝાલોદ) ગામે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ચણાની જી.જે.જી. ૩ જાતનું પ્રત્યક્ષ નિદર્શન, અન્ય જાતોની સરખામણીમાં પોપટાની સંખ્યા, દાણાની સંખ્યા, દાણાનું કદ વગેરે લાક્ષણિકતાઓ અંગે માહિતી આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી એન. ડી. મકવાણા વૈજ્ઞાનિક (સશ્ય વિજ્ઞાન) દ્વારા ચણાની જી.જે.જી.-૩ જાતનું વધુમાં વધુ સમસ્તરીય પ્રસાર તથા જૈવિક ખાતર અપનાવવા આહ્વાન કરેલ. શ્રી એન. કે. રાઠોડ વૈજ્ઞાનિક(પાક સંરક્ષણ) દ્વારા ચણાના પાકમાં ફેરોમોન ટ્રેપની ઉપયોગિતા અને પાક સંરક્ષણના અન્ય પગલાંઓ અંગે માહિતી આપી. શ્રી એચ. એલ. કાચા વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા શાકભાજી પાકોના ફાયદા અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં શ્રી સી. એમ. પટેલ, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), દાહોદની વિશેષ ઉપસ્થિતિ રહી જેમણે ખેડૂતોને જુદી જુદી સરકારી યોજનાઓ અંગે માહિતગાર કર્યા તેમજ તમામ વૈજ્ઞાનિકોના હસ્તે ઉપસ્થિત ખેડૂતોમાં સરગવાના છોડનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કુલ ૧૬૪ ખેડૂત ભાઇઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી ગૌરાંગ ભાભોર વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા કરવામાં આવેલ.



શ્રી એન. ડી. મકવાણાનું વ્યાખ્યાન



શ્રી એચ. એલ. કાચાનું વ્યાખ્યાન





શ્રી એન. કે. રાઠોડ નું વ્યાખ્યાન

શ્રી જી. કે. ભાભોર નું વ્યાખ્યાન





શ્રી સી. એમ. પટેલનું વ્યાખ્યાન

નિદર્શન પ્લોટની મુલાકાત







, સરગવાના છોડનું વિતરણ